Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# આઝાદીની ચળવળ અને ગાંધીજી

ડો. વિનોદકુમાર ભગવાનભાઈ મુંજપરા
અધ્યાપક સહાયક, ઇતિહાસ વિભાગ, નલિની અરવિંદ & ટી. વી. પટેલ આર્ટ્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર

**(૧) પૂર્વભૂમિકા:**

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના નિર્વિવાદ નેતા તરીકે ગાંધીજીનો ઉદગમ જાતે જ એક રહસ્યમય કહાની છે. તેમણે દક્ષિણ આફ્રિકામાં ભારતીયો માટે ચલાવેલ ચળવળ અદભૂત હતી. સત્યાગ્રહની નવીન પદ્ધતિનું ખૂબ જ સારુ ફળ મળ્યું હતું. ઇ.સ. ૧૯૧૫માં ગાંધીજીનું આગમન થયું ત્યાં સુધી કોંગ્રેસમાં કોઈ આગળ પડતો ભાગ ભજવ્યો ન હતો અને લોકો માટે ગાંધીજી અજાણ્યા હતા પરંતુ ગાંધીજીની સાદગીપૂર્ણ ટેવો અને સંત જેવી સહનશીલતા, અંગ્રેજી ભાષાના સ્થાને ભારતીય ભાષાઓનો ઉપયોગ અને ધર્મશાસ્ત્રોના આધારે ભારતના લોકો પર ઊંડો પ્રભાવ પાડ્યો હતો. ગાંધીજીના સત્ય અને અહિંસાના શસ્ત્રો એ સત્યાગ્રહની લડતમાં ચમત્કારી સાબિત થયા. ગાંધીજીના રચનાત્મક કાર્યોએ લોકજાગૃતિ લાવવામાં સફળ સાબિત થયા, જેના પરિણામે જનસમૂહમાં જાગૃતિનો સંચાર થયો જેની અસર રાજકીયક્ષેત્રે, સામાજિકક્ષેત્રે, શૈક્ષણિકક્ષેત્રે અને સાહિત્યક્ષેત્રે થઈ હતી. ઇ.સ. ૧૯૧૫ થી ઇ.સ. ૧૯૪૭ ના ત્રણ દાયકા ગાંધીયુગ તરીકે જાણીતા થયા.

**(૨) આઝાદીની ચળવળ અને ગાંધીજી :**

ભારતના ઇતિહાસમાં ગાંધીજીએ દેશને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્તિ અપાવવા જે નેતૃત્વ પૂરું પાડ્યું તેના ફળ સ્વરૂપે ઈ.સ. ૧૯૪૭ માં સફળતા મળી હતી.

**(i) અમદાવાદના મીલમજૂરોના પ્રશ્ન અને ગાંધીજી ઇ.સ. ૧૯૧૭ :**

પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન ભારતમાં અમદાવાદના મિલમજૂરોનો પ્રશ્ન ખૂબ જ મહત્વનો હતો અને આ પ્રશ્નનુ નિરાકરણ ગાંધીજીએ કર્યું હતું. પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન ઈ.સ. ૧૯૧૭ ના ચોમાસામાં અમદાવાદમાં પ્લેગનો ભયંકર રોગ ફાટી નીકળ્યો હતો. આથી ઘણાબધા મિલોમાં કામ કરતાં મજૂરો શહેર છોડીને ચાલ્યા ગયા હતા. તેમણે પ્લેગ બોનસ ૭૦% થી ૮૦% આપવામાં આવ્યું. વિશ્વયુદ્ધની પૂર્ણાહુતિ બાદ મોંઘવારી વધી પરંતુ મિલમાલિકો બોનસ આપવા તૈયાર ન હતા. તેથી મિલમાલિકો અને મજૂરો વચ્ચે સંઘર્ષ થયો.[૧] અનસુયાબહેને ગાંધીજીને પત્ર લખ્યો કે "અમદાવાદના મિલ માલિકો અને મજૂરો વચ્ચે પગારનો વાંધો પડ્યો છે. માલિકો માનતા નથી અને મજૂરો સત્યાગ્રહ કરવા માંગે છે. આપ મજૂરોની વહારે આવો." ગાંધીજીએ મિલ માલિકોને સમજાવ્યા પરંતુ તેઓ માનવા તૈયાર ન થતા મજૂરોને ગાંધીજીએ હડતાલ પર ઉતરવાની સલાહ આપી અને મિલો બંધ થઈ.[૨] તેની અસર મિલમાલિકોને પણ થઈ.

ગાંધીજીના ઉપવાસે ખાસી અસર કરી હતી.[૩] છેવટે આનંદશંકર ધ્રુવની લવાદી સ્વીકારાઇ અને મજૂરોની પ્રતિજ્ઞા જળવાઈ રહે અને માલિકોની પ્રતિજ્ઞા જળવાઈ રહે તે માટે બંને પક્ષે સાડા સાત ટકા ઓછા કરતા વચગાળાનો ૨૭.૫ ટકાનો વધારો નક્કી થયો.[૪] આમ ગાંધીજીની દરમિયાનગીરીથી બંને પક્ષનો વિજય થયો. અંતે સત્યનો વિજય થયો.

**(ii) ખેડા સત્યાગ્રહ અને ગાંધીજી ૧૯૧૭**

ઇ.સ. ૧૯૧૭ માં ખેડામાં અતિવૃષ્ટિ થઈ હતી. સામાન્ય રીતે ખેડામાં ત્રીસેક ઇંચ વરસાદ થાય તેના બદલે સિત્તેર ઇંચ વરસાદ થયો હતો. જેથી ચોમાસુ પાક નિષ્ફળ જતા દુષ્કાળની લોકોની સ્થિતિ કફોડી બની લોકો માટે મહેસૂલના પ્રશ્ને ચિંતા હતી.[૫] મુંબઈ સરકારે ઘડેલી જમીન મહેસુલ વિષયક નીતિમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે જો પાક ૨૫ ટકાથી ઓછો થાય તો સરકારે એ વર્ષ માટેની વિઘોટી ઉઘરાવવાનું બીજા વર્ષ સુધી મોકુફ રાખવું. આમ છતાં પણ સરકારે વિઘોટી ઉઘરાવવાનું ચાલુ રાખ્યું હતું.[૬]

ગાંધીજીએ મુંબઈમાં ૪ ફેબ્રુઆરી ૧૯૧૮ ના રોજ વેપારીઓ સમક્ષ ખેડૂતોની સ્થિતિ વિશે ભાષણ કર્યું. ૫ ફેબ્રુઆરી ૧૯૧૮ ના રોજ ખેડાની સ્થિતિ અંગે મુંબઈમાં ગવર્નરને પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે મળી ચર્ચા કરી ગવર્નર તરફથી સંતોષકારક જવાબ ન મળતા. ૨૭ માર્ચ ૧૯૧૮ ના રોજ ગુજરાત સભાની બેઠકમાં ગાંધીજીના પ્રમુખ સ્થાને અમદાવાદમાં ખેડા સત્યાગ્રહ લડત ચલાવવા ઠરાવ થયો હતો. ખેડા જિલ્લાના નડિયાદના ખેડૂતોને સભામાં સલાહ આપી. 'પાક ચાર આનાથી ઓછો હોય તો મહેસુલ ભરવું નહીં.'[૭]

ગાંધીજીએ કમિશનરને પત્ર લખી ફરી એકવાર જણાવ્યું કે જો નબળી સ્થિતિવાળા ખેડૂતોનું મહેસૂલ માફ થશે તો સારી સ્થિતિવાળા ભરી દેશે. પણ સરકાર ગાંધીજીને યશ આપવા માગતી ન હતી. ગાંધીજી ૩ જૂને ઉતરસંડા ગામે ગયા ત્યાંના મામલતદારે જણાવ્યું કે જો સારી સ્થિતિવાળા માણસો મહેસુલ ભરી આપે તો ગરીબોનું મહેસુલ મુલત્વી રાખવામાં આવશે. ગાંધીજીએ લેખિત કબુલાત માંગી જે મળતા તેના આધારે કલેક્ટરે હુકમ આપતા ખેડા સત્યાગ્રહ સફળ થયો.[૮] આમ ગાંધીજીના માર્ગદર્શન તળે ખેડાના ખેડૂતોનો સત્યાગ્રહ સફળ થતાં ગાંધીજીનું રાજકીય કદ વધ્યું.

**(iii) અસહકાર ચળવળ અને ગાંધીજી ૧૯૨૦ :**

ગાંધીજીએ ૩૦ ડિસેમ્બર ૧૯૨૦ ના રોજ કોંગ્રેસની બેઠકમાં અસહકાર વિશે ભાષણ કર્યું.[૯] ૧૯૨૦ ના ઓગસ્ટમાં જ્યારે મધ્યસ્થ ધારાસભા મળી ત્યારે કેટલાક સભ્યોએ રાજીનામાં આપ્યા હતા. લડતનો પ્રચાર કરવા ગાંધીજીએ સમગ્ર દેશનો પ્રવાસ કર્યો હતો.[૧૦] અસહકાર ચળવળ દરમિયાન સરકારી શાળા-કોલેજોનો ત્યાગ કરવાની વિદ્યાર્થીઓ અને વાલીઓને હાંકલ સ્વીકારી. દેશમાં જુદા જુદા પ્રાંતોમાં હજારો વિદ્યાર્થીઓએ અંગ્રેજી શાળાનો ત્યાગ કર્યો હતો. અસહકારના ઠરાવ પ્રમાણે કેટલાક કાર્યકરોએ સરકારી સમિતિઓમાંથી રાજીનામાં આપ્યા હતા.

વિદેશી કાપડનો બહિષ્કાર કરી સ્વદેશી કાપડ અપનાવ્યું. ધારાસભાઓનો પણ બહિષ્કાર થયો હતો.[૧૧] અસહકાર લડતની અસર સામાન્ય લોકો ઉપરાંત ઉપલા વર્ગને પણ થઈ હતી. અસહકાર આંદોલન તેની પરાકાષ્ઠા એ પહોંચ્યું હતું ત્યારે ચૌરાચોરાની હિંસક ઘટનાએ સમગ્ર આંદોલન પર પાણી ફેરવી નાખ્યું. જેથી ગાંધીજીએ આંદોલન મોકૂફ રાખ્યું.[૧૨]

**(iv) બારડોલી સત્યાગ્રહ અને ગાંધીજી ૧૯૨૮ :**

ગાંધીજી અમદાવાદથી પહેલી ઓગસ્ટ ૧૯૨૮ના દિવસે બારડોલી જવા નીકળ્યા હતા અને તેમણે કહ્યું હતું કે "હું સરદારના સૈનિક તરીકે જાઉં છું."[૧૩] બારડોલીમાં લશ્કર મોકલવાની સરકારે તૈયારી કરી હતી તે સમયે ગાંધીજીએ લોકોને સંભવિત ગોળીબાર સામે સહનશીલતા, ત્યાગ અને બલિદાનની ફરી કસોટી લીધી હતી.[૧૪] બારડોલી સત્યાગ્રહમાં જવલંત વિજય મેળવ્યો એટલે ગુજરાતમાં જ નહીં પુરા દેશમાં આનંદ છવાયો હતો. દેશના આગેવાનોએ ગાંધીજી અને સરદારને અહિંસા, શાંતિ તથા અદભુત સહનશીલતા જાળવવા બદલ અને પ્રજાને તેમનો આદેશ ઝીલવા બદલ અભિનંદનો પાઠવ્યા હતા.[૧૫]

**(v) દાંડીકૂચ અને ગાંધીજી ૧૯૩૦**

૩૦ જાન્યુઆરી ૧૯૩૦ ના રોજ અમદાવાદથી 'યંગ ઇન્ડિયા'માં વાઈસરોય સામે ૧૧ માંગણીઓ મૂકી.[૧૬] ગાંધીજીએ યંગ ઇન્ડિયામાં કરેલી માંગણીઓમાં મીઠાના કરનો પણ સમાવેશ થતો હતો. જો માંગણીયો ન સ્વીકારાય તો સત્યાગ્રહ શરૂ કરવો સત્યાગ્રહ શરૂ કરતા પહેલા ૨ માર્ચ ૧૯૩૦ ના રોજ ગાંધીજીએ લોર્ડ ઇર્વિનને પત્ર લખી સમજાવ્યું કે બ્રિટિશ સામ્રાજ્યવાદના દુષણોએ આ દેશની બરબાદી કરી હતી અને તેના ઉભરાતા લાખો લોકોની સ્વતંત્રતાનો સાચો અર્થ સ્ફૂટ કર્યો હતો.[૧૭] ગાંધીજીએ વાઈસરોય ઇર્વિનને પત્ર લખી ૧૨ માર્ચ ૧૯૩૦ ના રોજ પોતે સત્યાગ્રહ કરશે તેવી ખબર આપી. દસ પાઇના મીઠા પર બસો પાઈની ભારે જકાત તથા ગરીબ અને ધનિકો સૌને સરખી રીતે તે સ્પર્શતી હતી.[૧૮] માટે જ ગાંધીજીએ લડતના મુદ્દા તરીકે મીઠાનો વેરો નાબૂદ કરવાનું નક્કી કર્યું હતું.

આ ઘટનાની નોંધ દેશ-વિદેશના સમાચાર પત્રોના ખબરપત્રીઓ, કેમેરાવાળાઓ એ લીધી હતી.[૧૯] દાંડીકૂચના આગળના દિવસે હજારોની સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. ગાંધીજીએ ૧૨ માર્ચ ૧૯૩૦ ના રોજ સાબરમતી આશ્રમથી દાંડીકૂચ શરૂ કરી. કૂચના માર્ગ પરના ગામોમાં સભાઓ ભરાતી ગાંધીજી તેમના ભાષણોમાં લોકોને મીઠાના કાયદાનો સવિનય ભંગ કરવા સમજાવતા હતા. ગાંધીજી ૫ મી એપ્રિલે દાંડી પહોંચ્યા હતા અને બીજા દિવસે સવારે દરિયા કિનારે જામેલા મીઠાની ચપટી ઉપાડી મીઠાનો કાયદો તોડ્યો.[૨૦] દાંડીકૂચ માત્ર સ્થાયી ઘટના ન રહેતા તેના પડઘા દેશ-વિદેશમાં પડ્યા હતા. સામાન્ય પ્રજાના વિશ્વાસે દાંડીકૂચ સફળ બનાવી પૂર્ણ સ્વરાજ તરફ પ્રયાણ કર્યું.

**(vi) હિંદ છોડો ચળવળ અને ગાંધીજી ૧૯૪૨**

૮ મી ઓગસ્ટ ૧૯૪૨ મુંબઈમાં ઓલ ઇન્ડિયા કોંગ્રેસ કમિટીની બેઠકમાં ગાંધીજી બોલ્યા હતા અને હિંદ છોડોનો ઠરાવ પસાર થયો હતો.[૨૧] આ અધિવેશનમાં ગાંધીજીએ પોતાના ઐતિહાસિક ભાષાના અંતમાં કહ્યું હતું કે “હું તમને એક મંત્ર આપું છું” ‘કરો યા મરો’ (Do or Die) આ પ્રસ્તાવમાં યુદ્ધની તૈયારીમાં સહયોગ દેવાનો પણ પ્રસ્તાવ હતો તથા તેમાં સરકારને તાત્કાલિક પગલાં ભરવાની પણ ચેતવણી આપી હતી.[૨૨] આંદોલન શરૂ કરતાં પૂર્વે ગાંધીજી વાઇસરોયને મળીને અંતિમ પ્રયાસ કરવા માગતા હતા. પરંતુ તેમાં તેમને સફળતા ન મળી. ૯ ઓગસ્ટે ગાંધીજી તથા બીજા આગેવાનો કોંગ્રેસીઓએ ભાગફોડ દ્વારા પ્રજાને સરકારના પગલાનો જવાબ આપ્યો. સરકારે ટેન્ક અને મશીનગનનું પ્રદર્શન કર્યું.[૨૩] ૧૯૪૨ ની હિંદ છોડો ચળવળ મોટા પ્રમાણમાં ફેલાઈ અને આપોઆપ તેમાં ધીમી ગતિ આવી હતી. ૧૯૪૩ માં આ આંદોલનનો અંત આવ્યો.[૨૪]

**(3) સમાપન :**

આમ ગાંધીજીના પડ્યા બોલ લોકોએ ઝીલી લીધા હતા અને ભારત દેશને સ્વતંત્રતા અપાવવા માટે પોતાના પ્રાણોનું બલિદાન આપીને ભારત દેશને ૧૫ મી ઓગસ્ટ ૧૯૪૭ ના દિવસે આઝાદ કરાવ્યો હતો. ભારતની આઝાદીમાં ઇ.સ. ૧૯૧૫ માં દક્ષિણ આફ્રિકાથી ભારતમાં આગમનથી લઈને ભારતની આઝાદી ૧૯૪૭ સુધી ગાંધીજીએ ભારતીય રાજકારણમાં પ્રવેશીને અંગ્રેજો સામે કરેલા સત્ય અને અહિંસાના પ્રયાસો દ્વારા અજય ગણાતા અંગ્રેજોને હરાવ્યા અને ભારતમાંથી હાંકી કાઢવામાં તેમનું માર્ગદર્શન સફળ બની રહ્યું.

➢ **પાદ નોંધ :**


૧) હરિપ્રસાદ શાસ્ત્રી અને પ્રવીણચંદ્ર પરીખ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ (આઝાદી પહેલા અને પછી ઇ.સ. ૧૯૧૫-૧૯૬૦) ગ્રંથ-૯, અમદાવાદ, ૧૯૬૭, પૃ. ૨૮-૨૯

૨) રામનારાયણ નાગરદાસ પાઠક, ક્રાંતિકાર ગાંધી, પોરબંદર, ૧૯૮૮, પૃ. ૯૬

3) મહાદેવભાઇ હરિભાઈ દેસાઈ, એક ધર્મયુદ્ધ, અમદાવાદના મિલ મજૂરોની લડતનો ઇતિહાસ, અમદાવાદ ૨૦૦૭, પૃ.3૨

૪) એજન પૃ. 33-3૪

૫) શાંતિલાલ દેસાઈ, રાષ્ટ્રનો સ્વાતંત્ર સંગ્રામ અને ગુજરાત, અમદાવાદ, ૧૯૯૯, પૃ. ૧૦૧

૬) મકરંદ મહેતા, સાંસ્થાનિક ભારતનો આર્થિક ઇતિહાસ, અમદાવાદ, ૧૯૮૫ પૃ. ૧૨૩

૭) ચંદુલાલ ભગુભાઈ દલાલ, ગાંધીજીની દિનવારી, ગાંધીનગર, ૧૯૯૦, પૃ. ૫૪-૫૫

૮) હરિપ્રસાદ શાસ્ત્રી અને પ્રવીણચંદ્ર પરીખ, ઉપરોક્ત, પૃ. 3૧

૯) ચંદુલાલ ભગુભાઈ દલાલ, ઉપરોક્ત, પૃ. ૧૧૬

૧૦) મુગટલાલ બાવીશી, અસહકાર ચળવળ, અમદાવાદ, ૨૦૧૧, પૃ. ૪૪

૧૧) એજન પૃ. ૪૭-૪૯

૧૨) એજન પૃ. ૬૫

૧3) ચંદુલાલ ભગુભાઈ દલાલ, ઉપરોક્ત, પૃ. ૨3૮

૧૪) હરિપ્રસાદ શાસ્ત્રી અને પ્રવીણચંદ્ર પરીખ, ઉપરોક્ત, પૃ. 3૫

૧૫) શાંતિલાલ દેસાઈ, ઉપરોક્ત, પૃ. ૧૮૬

૧૬) ચંદુલાલ ભગુભાઈ દલાલ, ઉપરોક્ત, પૃ. ૨૬૯

૧૭) પી. એન. ચોપરા, ભારતનું ગેઝેટીયર (ઇતિહાસ અને સંસ્કૃતિ), અમદાવાદ, ૧૯૮૪, પૃ. ૪૬૭

૧૮) શિવપ્રસાદ રાજગોર, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, અમદાવાદ, ૧૯૯૮, પૃ. ૨૧૫

૧૯) મુંજાલ ભીમડાદકર, ઐતિહાસિક દાંડીકૂચ, અમદાવાદ, ૨૦૦૪, પૃ. ૧૨

૨૦) હરિપ્રસાદ શાસ્ત્રી અને પ્રવીણચંદ્ર પરીખ, ઉપરોક્ત, પૃ. ૪૪

૨૧) ચંદુલાલ ભગુભાઈ દલાલ, ઉપરોક્ત, પૃ. ૪૮૭

૨૨) એલ. પી. શર્મા, આધુનિક ભારત ૧૭૦૭-૧૯૬૭, આગરા, ૨૦૧૦ પૃ. ૫૯૨

૨૩) હરિપ્રસાદ શાસ્ત્રી અને પ્રવીણચંદ્ર પરીખ, ઉપરોક્ત, પૃ. ૭૨

૨૪) એજન પૃ. ૭૮